બહુ-આરંભ-પરિગ્રહત્વં ચ નારકસ્ય આયુષઃ ૬-૧૬

સૂત્રાર્થ: અતિશય આરંભ અને અતિશય પરિગ્રહ નારક આયુષ્યના આશ્રવ છે.

ભાવાર્થ: જેમાં પ્રાણીઓને દુઃખ થાય કે તેઓનો વધ થાય તેવી કષાય યુક્તની પ્રવૃત્તિઓ આરંભ કહેવાય. આ પ્રવૃત્તિની તીવ્રતા તે બહુઆરંભ

પરિગ્રહ:- આ વસ્તુ મારી છે. હું આનો માલિક છું એવી બુદ્ધિ કે મૂર્છાને પરિગ્રહ કહેવાય. અતિશય પરિગ્રહ ને બહુ પરિગ્રહ કહેવાય છે.

પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીએ ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરને પ્રશ્ન કર્યો:-
"હે કરુણા સાગર ! ક્યા કર્મોના ઉદયે જીવ નરકમાં જાય?"

પ્રભુનો જવાબ:-
જે જીવ હિંસા કરે છે, જૂઠું બોલે છે, ચોરી કરે છે, પરસ્ત્રીનું સેવન કરે છે, ઘણા પ્રકારના પાપ પરિગ્રહમાં આસક્ત હોય છે એ રીતે પાંચ અણુવ્રતનો વિરોધી છે. તેમજ અતિ ક્રોધી, અભિમાની, દુષ્ટ, માયાવી, લોભસ્વભાવી, પાપી, ચાડી ખાનાર, અતિ લોભી, સાધુની નિંદા કરનાર, અધર્મી, અસંબદ્ધ વચન બોલનાર, દુષ્ટ બુદ્ધિવાળો, કૃતઘ્ન હોય તે જીવ અત્યંત દુઃખ અને શોક પામીને નરકમાં જાય છે.

માયા તૈર્યગ્યોનસ્ય ૬-૧૭

સૂત્રાર્થ: માયા તિર્યંચ આયુષ્યનો આશ્રવ છે.

ભાવાર્થ: માયા એ કષાયનો એક ભેદ છે. આ માયા અનંતાનુબંધિ, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એ ચાર સ્વરૂપે હોઈ શકે છે. આવી ચાર પ્રકારની માયાનો અર્થ તો કપટ અથવા સ્વભાવની વક્રતા જ છે. મનમાં કાંઈ, વચનમાં કાંઈ અને કાયામાં વળી જુદુ જ હોવું તે માયા છે.

ગૌતમસ્વામીએ ભગવાન શ્રી મહાવીરને પ્રશ્ન પૂછ્યો: હે દયાસાગર! જીવ મરીને તિર્યંચપણું શાથી ઉત્પન્ન થાય છે?

પ્રભુનો ઉત્તર:- હે ગૌતમ! જે માણસ પોતાના સ્વાર્થ માટે મિત્રનો સાધે, પોતાનું કાર્ય સર્યા પછી મિત્રનો ત્યાગ કરે. મિત્રને દુઃખમાં નાખે અને મિત્રનું અશુભ બોલે, પોતાની ગુપ્ત વાત મિત્રને જણાવે નહિ, જે નિર્દય હોય, માયાવી હોય તે જીવ મરીને તિર્યંચપણું ઉત્પન્ન થાય છે.

દૃષ્ટાંત: માયા-છળ-કપટ-પ્રપંચ-છેતરપિંડી-જૂઠ હૈયામાં ઝેર અને મુખમાં મધ જેવી મીઠાશ રાખનારો જીવ તિર્યંચઆયુષ્ય બાંધે છે.

અલ્પ-આરંભ-પરિગ્રહત્વં સ્વભાવ
માર્દવ-આર્જવં ચ માનુષસ્ય ૬-૧૮

સૂત્રાર્થ: અલ્પ આરંભ, અલ્પ પરિગ્રહ, સ્વાભાવિક મૃદુતા (નમ્રતા) અને સ્વાભાવિક સરળતા એ મનુષ્ય આયુષ્યના આશ્રવો છે.

ભાવાર્થ: ૧૭ મા સૂત્રમાં નરક આયુષ્યના આશ્રવને માટે "બહુ" શબ્દ પર ભાર મૂક્યો હતો તેનાથી બિલકુલ વિપરીતપણે આ સૂત્રમાં "અલ્પ" શબ્દ સૂત્રકાર મહર્ષિએ ગોઠવ્યો છે.

અલ્પ એટલે આવશ્યક અર્થાત્ જેટલો જરૂરી હોય તેટલો જ આરંભ પરિગ્રહ કરવો એટલે કે બિનજરૂરી હોય તેવો આરંભ પરિગ્રહ ન કરવો.

શંકા: સ્વભાવ માર્દવં એટલે શું?
સમાધાન: માનના અભાવને માર્દવના અર્થાત્ નમ્રતા કહે છે.
સ્વાભાવિક માર્દવના એટલે બીજાના કહેવાથી કે સમજાવવાથી નહીં પણ આપ મેળે જ જીવનમાં નમ્રતા મૃદુતાનો ભાવ હોય તેનો સ્વભાવમાર્દવ કહ્યું છે.

શંકા: સ્વભાવ આર્જવં એટલે શું?

સમાધાન: માયાના અભાવનો ઋજુતા અર્થાત્ આર્જવતા કહે છે.
સ્વાભાવિક આર્જવતા એટલે કે બીજાના કહેવાથી કે સમજાવવાથી નહીં પણ આપ મેળે જ જીવનમાં સરળતા, ઋજુતાનો ભાવ હોય તેને સ્વભાવ-આર્જવં કહે છે.

શ્રી ગૌતમસ્વામીએ ભગવાન શ્રી મહાવીરસ્વામીને પ્રશ્ન પૂછ્યો:
હે ભગવાન ! જીવ મરણ પછી મરીને ફરીવાર મનુષ્ય થાય ?

ભગવાનનો ઉત્તર:
જે જીવ સરળ સ્વભાવવાળો હોય, નિરભિમાની હોય, મંદ ક્રોધાદિ કષાયવાળો હોય, સુપાત્રને દાન આપનારો હોય, માધ્યસ્થ ભાવનાવાળો હોય, નમ્ર હોય, સાધુના ગુણોની પ્રશંસા કરનારો હોય, થોડો પરિગ્રહ રાખે, સંતોષી હોય, વળી દેવગુરુનો ભક્ત હોય તો જીવ મરીને ફરી મનુષ્ય થાય.

નિઃશીલ-વ્રતત્વં ચ સર્વેષામ્ ૬-૧૯

સૂત્રાર્થ: શીલ અને વ્રતના પરિણામોનો અભાવ નરક, તિર્યંચ અને મનુષ્ય એ ત્રણે આયુષ્યોનો આશ્રવ છે. અર્થાત્ વ્રત અને શીલના પરિણામ રહિત જીવ ત્રણે પ્રકારના આયુષ્યનો બંધ કરે છે.

ભાવાર્થ: શીલ વિનાનું અને વ્રત વિનાનું જીવન નરક, તિર્યંચ અને મનુષ્ય એમ ત્રણે પ્રકારના આયુષ્યના બંધનું કારણ બને છે. મહાવ્રતના અને અણુવ્રતના બંને શુભ પરિણામો છે. તે બધામાંથી બધાં હોય તો નરકના આયુષ્યના બંધનું કારણ બને છે અને તેમાંથી થોડાં-થોડાં હોય તો તિર્યંચ તથા મનુષ્યના આયુષ્યના બંધનું કારણ બને છે. આ પ્રમાણે વ્રતમાંથી પરિણામો અને અણુવ્રત ભાવની વૃત્તિ આ નરકાદિ ત્રણે આયુષ્યોના બંધનું કારણ બને છે.

સરાગસંયમ - સંયમાસંયમ - અકામ નિર્જરા
બાલતપાંસિ દૈવસ્ય 6-20

સૂત્રાર્થ: સરાગસંયમ, સંયમાસંયમ, અકામનિર્જરા, અને બાલતપ એ દેવ આયુષ્યના આશ્રવો છે.

ભાવાર્થ:

(1) સરાગસંયમ: સર્વવિરતિ રૂપ સંયમ ગ્રહણ કર્યા પછી કષાયના કંઈક અંશો બાકી રહેલા હોય તો આવો રાગ સહિતનો સંયમ પ્રમાદ સહિત હોવાથી સરાગસંયમ કહેવાય છે.

(2) સંયમાસંયમ: દેશવિરતિ ધર્મ તે સંયમાસંયમ. એમાં આંશિક સંયમ હોય અને આંશિક અસંયમ હોય.

(3) અકામ નિર્જરા:
- એમાં નિર્જરા કરવાનો હેતુ ન હોય પણ આપમેળે જ કર્મોનો ક્ષય થાય
- પોતાની ઈચ્છા વિના, પરતંત્રતાથી કે બીજાના આગ્રહથી જે પાપથી અટકવું તે અકામ નિર્જરા

(4) બાલતપ: મિથ્યાત્વ અવસ્થામાં કરાતો તપ, સંસાર સુખની ઈચ્છાથી કરાતો તપ, રોષ અને રાગથી કરાતો તપ એ બાલતપ કહેવાય છે.

નોંધ: સરાગસંયમ અને સંયમાસંયમ એ જ્યોતિષ્કદેવ અને વૈમાનિકદેવના આયુષ્યના બંધના કારણો છે. જ્યારે અકામનિર્જરા તથા બાલતપ એ ભવનપતિ અને વ્યંતર દેવના આયુષ્યના બંધના કારણો છે.

## યોગવક્રતા વિસંવાદનં ચ અશુભસ્ય નામ્નઃ ૬-૨૨

સૂત્રાર્થ: મન, વચન અને કાયા એ ત્રણે યોગોની વક્રતા તથા વિસંવાદન અશુભ નામ કર્મના આશ્રવો છે.

ભાવાર્થ: (૧) કાયયોગ વક્રતા: કાયાના રૂપાંતરો કરીને બીજાને ઠગવા તે.
(૨) વચનયોગવક્રતા: લોકોને ખોટું-ખરૂ સમજાવી લડાવી મારવા.
(૩) મનોયોગ વક્રતા: મનમાં બીજું જ હોવા છતાં લોક પૂજા, સત્કાર, સન્માન, વગેરેની ખાતર બાહ્ય મનની અને વચનની પ્રવૃત્તિ જુદી જ કરવી. આ પ્રકારો જે યોગ વક્રતા કહી તે પોતાના વિષયમાં જ હોય છે.

(૪) વિસંવાદન: પૂર્વે સ્વીકારેલ સ્થિતિમાં કાલાન્તરે ફેરફાર કરવો અર્થાત્ કહેલ પ્રરૂપણાથી જુદી જ પ્રરૂપણા કરવી તે. ટૂંકમાં સ્થિતિને ઉલટ સુલટ રીતે રજુ કરવી, બીજાની સરળતાનો દુરૂપયોગ કરવો, અન્યજનને લડાવી મારવા. આ પ્રકારો વિસંવાદન બીજાના વિષયમાં જ હોય છે.

શંકા: યોગ વક્રતા અને વિસંવાદનમાં શું તફાવત છે?
સમાધાન: સામાન્યથી બંનેનો અર્થ સમાન જણાય છે, પણ સૂક્ષ્મ દૃષ્ટિથી બંનેના અર્થમાં ભેદ છે.
કેવળ પોતાની વિરૂધ્ધ પ્રવૃત્તિ તે વચનયોગ વક્રતા
અને પોતાની યોગ વક્રતાને લીધે અન્યની પણ વિરૂધ્ધ પ્રવૃત્તિ થાય તે વિસંવાદન
જેમકે બીજાના કહેલું જુદુ બોલે તો તે વચનયોગ વક્રતા.
કોઈકને કંઈ કહે અને બીજાને કંઈ કહે તે રીતે અન્યજનને લડાવી મારે તો તે વિસંવાદન છે.
આ રીતે વચનયોગ વક્રતા સ્વવિષયક છે જ્યારે વિસંવાદન એ પર વિષયક પ્રવૃત્તિ છે.

## તદ્વિપરીતં શુભસ્ય 6-22

**સૂત્રાર્થ:** તેનાથી (અશુભ નામકર્મના આશ્રવોથી) વિપરીત આવો શુભનામકર્મના આશ્રવો છે.

**ભાવાર્થ:** મન-વચન-કાયાની સરળ પ્રવૃત્તિ, જ્યાં બનાવટ નથી, નક્કી કરેલા નિયમોમાં પરિણામાનુસાર ફેરફારો નથી એટલે કે યોગોની અવક્રતા અને અવિસંવાદન એ શુભનામકર્મના આશ્રવો છે.

**અવક્રતા** એટલે; જે મનમાં હોય તે જ વચનમાં હોય અને તે જ કાયાની પ્રવૃત્તિમાં પણ જણાતું હોય તેને અવક્રતા એટલે યોગ સરળતા કહેવાય છે.

**અવિસંવાદન** એટલે

- બે વચ્ચે ભેદ હોય તો પણ તે દૂર કરી એકતા કરાવવી
- ખોટે રસ્તે જનારને સાચે રસ્તે ચઢાવવો
- પૂર્વે સ્વીકારેલ વર્તનમાં કાળાન્તરે પણ ફેરફાર ન કરવો
- વિસંવાદમાં પડેલા બધાને સમાનતા પ્રતિ લઈ જવા

**સાર:** જો શુભગતિ, શુભજાતિ, શુભ સંસ્થાન, શુભ સંઘયણ, શુભ અંગોપાંગ, શુભ સ્વર વગેરે અને શુભ વસ્તુની પ્રાપ્તિ કરવી હોય તો સૂત્રમાં જણાવ્યા પ્રમાણે યોગોની અવક્રતા (સરળતા) અને અવિસંવાદન જેવી પ્રવૃત્તિ કરવી જોઈએ.

તીર્થંકર નામ કર્મના આશ્રવો:

દર્શનવિશુદ્ધિ: વિનયસંપન્નતા, શીલવ્રતેષુ અનતિચાર:, અભીક્ષ્ણં જ્ઞાનોપયોગસંવેગૌ, શક્તિત: ત્યાગતપસી, સંઘ-સાધુ-સમાધિ-વૈયાવૃત્ત્ય-કરણમ્, અર્હદાચાર્ય-બહુશ્રુત પ્રવચન ભક્તિ:, આવશ્યક-અપરિહાણિ:, માર્ગ-પ્રભાવના, પ્રવચન-વત્સલત્વમ્ ઇતિ તીર્થકૃત્ત્વસ્ય —[૬:23]

સૂત્રાર્થ: (૧) દર્શનવિશુદ્ધિ (૨) વિનયસંપન્નતા (૩) શીલ-વ્રતોમાં નિરતિચારતા (૪) નિરંતર જ્ઞાનોપયોગ લીનતા (૫) નિરંતર સંવેગ પરિણામ (૬) યથાશક્તિ ત્યાગ (૭) યથાશક્તિ તપ (૮) સંઘ-સાધુનું સમાધિ (૯) સંઘ-સાધુની વૈયાવચ્ચ (૧૦) અરિહંત પ્રભુની ભક્તિ (૧૧) આચાર્યની ભક્તિ (૧૨) બહુશ્રુતની ભક્તિ (૧૩) પ્રવચન ભક્તિ (૧૪) આવશ્યક અનુષ્ઠાનનો અત્યાગ (૧૫) મુક્તિમાર્ગની પ્રભાવના અને (૧૬) પ્રવચન પ્રત્યેની વાત્સલ્યતા આ સોળ તીર્થંકર નામ કર્મના આશ્રવો છે.

ભાવાર્થ:

(૧) દર્શન વિશુદ્ધિ:
વીતરાગે કહેલા તત્ત્વો ઉપર નિશ્ચલ અને દૃઢ રુચિ. દર્શન વિશુદ્ધિ એટલે સમ્યક્ત્વ ગુણની શુદ્ધિ. નિ:શંકાદિ આઠ આચારો પાળવાથી સમ્યક્ત્વ ગુણનું સારી રીતે પાલન થઈ શકે છે. શંકાદિ સમ્યક્ત્વના પાંચ અતિચારો ટાળવાથી પણ દર્શનગુણની વિશુદ્ધિ થઈ શકે છે. આવી દર્શનવિશુદ્ધિ - ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિક એમ ત્રણે પ્રકારે સંભવે છે. તેનાથી તીર્થંકર નામકર્મનો આશ્રવ થાય છે.

(૨) વિનય સંપન્નતા: જ્ઞાની, ઉપકારી, વડીલો, ચારિત્રવાન મુનિઓ તથા દર્શનાદિના સાધનો પ્રત્યે યથાયોગ્ય વિનય. હૃદયના ભક્તિભાવ પૂર્વક વિનમ્રવૃત્તિ.

(૩) શીલ-વ્રત-અનતિચાર:
શીલ અનતિચાર અને વ્રત અનતિચાર એમ બે પણ સાથે લીધાં.
અહિંસા સત્ય આદિ મૂળગુણ રૂપ વ્રતો અને એ વ્રતોના પાલનમાં ઉપયોગી એવા ઉત્તરગુણ રૂપ વ્રત, અભિગ્રહ, નિયમ ને શીલ. આ વ્રત અને શીલ એ બંનેના પાલનમાં જરા પણ પ્રમાદ ન કરવો.
શ્રાવકો આશ્રીને ~~કહીએ~~ કહીએ તો પાંચ અણુવ્રત અને સાત શીલ વ્રતોમાં નિરતિચાર પ્રવૃત્તિ.

(૪) સતત (વારંવાર) જ્ઞાનોપયોગ:
- તત્ત્વ વિષયોના જ્ઞાનમાં સદા જાગૃત રહેવું તે અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ.
- વારંવાર વાચના આદિ પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં રત રહેવું તે અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ
- શાસ્ત્ર અભ્યાસ, મનન, ચિંતન વગેરે આઠ પ્રકારે જ્ઞાનાચારનું પાલન કરવું

(૫) સતત સંવેગ પરિણામ:
સાંસારિક ભોગો જે ખરી રીતે સુખને બદલે દુઃખના જ સાધનો છે એટલે તેની લાલચમાં ન પડવું.
સંસારના સુખો પણ દુઃખરૂપ લાગવાથી મોક્ષ સુખ મેળવવાની ઇચ્છાથી ઉત્પન્ન થયેલ શુભ આત્મ પરિણામ.

(૬) યથાશક્તિ ત્યાગ:
- યથાશક્તિ એટલે પોતાની શક્તિ મુજબ. શક્તિથી વધુ પણ નહિ અને ઓછું પણ નહિ એ રીતે ત્યાગ કરવો.
- જરા પણ શક્તિ છૂપાવ્યા વિના આહારદાન, અભયદાન, જ્ઞાનદાન વગેરે વિવેકપૂર્વક કરવા.
- પોતાની શક્તિ પ્રમાણે ન્યાયોપાર્જિત વસ્ત્ર, પાત્ર આદિનું સુપાત્રમાં દાન આપવું.

(૭) યથાશક્તિ તપ:
- જરા પણ શક્તિ છુપાવ્યા સિવાય વિવેકપૂર્વક દરેક જાતની સહનશીલતા કેળવવી
- પોતાની શક્તિ પ્રમાણે બાહ્ય-અભ્યંતર તપનું સેવન કરવું

(૮) સંઘ-સાધુ-સમાધિ:
સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એ સંઘ કહેવાય છે.
- સંઘ અને સાધુને શાંતિ ઉપજે તેમ વર્તવું. સંઘમાં પોતે અશાંતિ ઉભી ન કરે અને પોતાના નિમિત્ત સિવાય અન્યથી થયેલ અશાંતિનું નિવારણ કરે.
- સાધુ ભગવંતોને પણ સંયમ પાલનમાં અનુકૂળતા થાય તેમ કરવું તથા તેમની આરાધનામાં શાંતિ સમાધિ જળવાય તે જોવું.
- સંઘમાં સાધુનો સમાવેશ થઈ જ જાય છે છતાં અહીં સાધુનો અલગ નિર્દેશ કર્યો છે તે તેની પ્રધાનતા જણાવવા માટે છે.

(૯) સંઘ-સાધુ-વૈયાવચ્ચ:
સાધુઓને આહાર, પાણી, ઔષધ, સેવા દ્વારા ભક્તિ કરવી. તેમજ આર્થિક કે અન્ય કોઈ આપત્તિમાં આવેલા શ્રાવકોને મદદ કરવી.

(૧૦) અરિહંત ભક્તિ:
અરિહંત પરમાત્માની પૂર્ણ ભાવથી પૂજા-સેવા-ભક્તિ કરવી. તેમની આજ્ઞા માનવી. દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી. તીર્થ અને પંચ કલ્યાણક ભૂમિની રક્ષા કરવી.

(૧૧) આચાર્ય ભક્તિ:
પાંચ ઇન્દ્રિયોનો સંવર, પંચાચારનું પાલન વગેરે ૩૬ ગુણોથી યુક્ત હોય તે આચાર્યશ્રી પધારે ત્યારે બહુમાન પૂર્વક સામે જવું, વંદન કરવું, ભાવથી ભક્તિ કરવી.

(૧૨) બહુશ્રુત ભક્તિ:
ઘણાં શ્રુત- શાસ્ત્રના જાણકારને બહુશ્રુત કહેવાય છે. આવા બહુશ્રુત પાસે વિધિપૂર્વક અભ્યાસ કરવો, વિનય કરવો. તેમના બહુશ્રુતપણાની પ્રશંસા અનુમોદના કરવી તે બહુશ્રુત ભક્તિ છે.

(૧૩) પ્રવચન ભક્તિ:
પ્રવચન એટલે દ્વાદશાંગી રચેલા આગમ શાસ્ત્રો. વર્તમાનમાં જે આગમો ઉપલબ્ધ હોય તે ભણવા - ભણાવવા - સાંભળવા. વિધિપૂર્વક અભ્યાસ કરવો- કરાવવો. તેની પ્રતિષ્ઠા વધારવી.

(૧૪) આવશ્યક - અપરિહાણિ:
સામાયિક, ચતુર્વિંશતિ સ્તવ (લોગસ્સ), વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પચ્ચખાણ એ છ આવશ્યક છે તે રોજ કરવા જોઈએ. અહીં આવશ્યક શબ્દથી સંયમના નિર્વાહ માટે જરૂરી સર્વ ક્રિયાઓ સમજવી. સંયમની સર્વ પ્રકારની ક્રિયાઓ ભાવથી સમયસર વિધિપૂર્વક કરવી એ આવશ્યક અપરિહાણિ છે. ભાવથી એટલે માનસિક ઉપયોગપૂર્વક. ઉપયોગ વિનાના સર્વ ધાર્મિક અનુષ્ઠાનો દ્રવ્ય અનુષ્ઠાનો છે.

(૧૫) મોક્ષમાર્ગ પ્રભાવના:
સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણેનો સમન્વય મોક્ષ માર્ગ. આ માર્ગની પ્રભાવના એટલે સ્વયં મોક્ષમાર્ગનું પાલન કરવા સાથે અન્ય જીવો પણ મોક્ષ માર્ગ પામે એ માટે ઉપદેશ દ્વારા મોક્ષ માર્ગનો પ્રચાર કરવો.

(૧૬) પ્રવચન વાત્સલ્ય:
જિનશાસનની આરાધના કરનાર સાધર્મિક જેમ માતા પોતાના પુત્ર ઉપર અકૃત્રિમ સ્નેહ રાખે છે તેમ સાધર્મિક ઉપર અકૃત્રિમ સ્નેહ રાખવો. અહીં પ્રવચન શબ્દથી બાળ, વૃદ્ધ, ગ્લાન, તપસ્વી, શૈક્ષક, ગણ વગેરે મુનિભગવંતો સમજવા.

તેમના ઉપર સંગ્રહ, ઉપગ્રહ અને અનુગ્રહ કરી વાત્સલ્ય ભાવ રાખવો તે પ્રવચન વાત્સલ્ય.

- સંગ્રહ એટલે અભ્યાસ આદિ માટે આવેલા પર સમુદાયના સાધુને શાસ્ત્રોક્ત વિધિ પૂર્વક સ્વીકારવો, પોતાની પાસે રાખી અભ્યાસ કરાવવો.
- ઉપગ્રહ એટલે સાધુઓને જરૂરી વસ્ત્ર, પાત્ર, વસતિ આદિ મેળવી આપવા
- અનુગ્રહ એટલે શાસ્ત્રોક્ત વિધિ મુજબ સાધુઓને અન્ન પાન આદિ લાવી આપવું.

<u>શંકા</u>: તત્ત્વાર્થસૂત્રમાં આચાર્યશ્રીએ તીર્થંકર નામ કર્મના ૧૬ આશ્રવ જણાવ્યા છે પરંતુ અન્યત્ર ૨૦ કારણો (૨૦ સ્થાનક પદ) પ્રસિદ્ધ છે. ખુલાસો કરશો?

<u>સમાધાન</u>: સૂત્રમાં છેલ્લે વત્સલત્વ શબ્દ પછી ઇતિ શબ્દ મૂક્યો છે. (પ્રવચનવત્સલત્વમિતિ) ઇતિ શબ્દ આદિના અર્થમાં વપરાયો છે. મતલબ આ ૧૬ કારણો વગેરે હેતુ તીર્થંકર નામ કર્મનો આશ્રવ હોય છે - તેના ત્રણ અર્થો.

(૧) આ સોળ ગુણોથી તીર્થંકર નામકર્મનો આશ્રવ હોય છે.

(૨) ૧૬ માંથી કોઈ પણ એક કે વધુ ગુણોથી પણ તીર્થંકર નામકર્મનો આશ્રવ હોઈ શકે છે.

(૩) આ સોળ સિવાય અન્ય ગુણોનો પણ સંભવ છે.

૨૦ સ્થાનક પદોના નામ નીચે પ્રમાણે છે।

(૧) અરિહંત (૨) સિદ્ધ (૩) પ્રવચન (૪) આચાર્ય = ગુરુ
(૫) સ્થવિર (૬) ઉપાધ્યાય (બહુશ્રુત) (૭) સાધુ
(૮) જ્ઞાન (પાંચ પ્રકારના સ્વાધ્યાયથી સૂત્રાદિનો અભ્યાસ)
(૯) સમ્યગ્દર્શન (૧૦) વિનય (૧૧) આવશ્યક ક્રિયા
(૧૨) મૂળગુણ-ઉત્તરગુણરૂપ ચારિત્ર (૧૩) ધ્યાન (૧૪) તપ
(૧૫) દાન (૧૬) વૈયાવચ્ચ (૧૭) સંઘ (૧૮) જ્ઞાન (નૂતન સૂત્રાદિનો અભ્યાસ) (૧૯) શ્રુતજ્ઞાન (ભક્તિ, પ્રચાર આદિ)
(૨૦) શાસન પ્રભાવના

આ વીસ સ્થાનક પદોની આરાધનાથી તીર્થંકર નામકર્મ બંધાય છે.

આ આશ્રવો સેવનાર જ્યારે ભાવના સહિત ભાવો પ્રત્યે વિશિષ્ટ પ્રકારની રુચિ ધરાવે છે ત્યારે તીર્થંકર નામકર્મનો નિકાચિત બંધ થાય છે. તીર્થંકરના ભવો તીર્થંકરના ભવથી પૂર્વના ત્રીજા ભવે અરિહંત આદિ વીશ સ્થાનક પદોની આરાધના કરે છે. અહીં ગુણોથી યુક્ત તે ભવો માત્ર આવી ભાવના ભાવીને બેસી રહેતા નથી પણ જે જે રીતે બતાવ્યું કહ્યું હોય તે તે રીતે પ્રયત્ન કરે છે. આથી તેઓ તીર્થંકર નામકર્મનો નિકાચિત બંધ કરે છે. તીર્થંકરના ભવથી પૂર્વના ત્રીજા ભવમાં તીર્થંકરનામકર્મ બંધાય છે અને નિકાચિત થાય છે.
ક્યારેક ત્રીજા ભવથી આગળના ભવમાં પણ તીર્થંકર નામકર્મ બંધાય ખરું અને પણ નિકાચિત ન થાય. નિકાચના તો પૂર્વના ત્રીજા ભવે જ થાય. નિકાચિત થાય તે પહેલા બંધ પણ રહે.

<u>સાર</u>: તીર્થંકર નામકર્મના આશ્રવોને વર્ણવતા સોળ ગુણો સૂત્રકાર મહર્ષિએ જણાવ્યા. તેમાના કોઈ એક કે વધુ ગુણોની સાધના-આરાધના અનુસારે તીર્થંકર નામકર્મનો આશ્રવ થાય છે.

વર્તમાન કાળે ભલે વીશ સ્થાનક પદ આરાધના પણ તીર્થંકરનામ કર્મ બંધ ન આરાધના છે પણ તે આરાધનામાં ભાવ કે ક્રિયાની મહત્તા છે. આ સૂત્ર દ્વારા સૂત્રકાર મહર્ષિ તે આરાધના કેમ કરવી તે સાંરો ગુણોને કેન્દ્રમાં રાખીને માર્ગદર્શન આપે છે.

પર-આત્મ-નિંદા-પ્રશંસે-સદ્-અસદ્‌ગુણ આચ્છાદન
- ઉદ્‌ભાવને ચ નીચૈર્ગોત્રસ્ય —— ૬-૨૪

સૂત્રાર્થ: પરનિંદા, આત્મપ્રશંસા, સદ્‌ગુણ-આચ્છાદન, અસદ્‌ગુણ-ઉદ્‌ભાવન એ નીચગોત્રના આશ્રવો છે.

ભાવાર્થ: ચાર પ્રકારે આ નીચગોત્રકર્મ બંધાય છે.

(1) પરનિંદા: બીજાની નિંદા-ટીકા-તિરસ્કાર કરવા.

(2) આત્મપ્રશંસા: પોતાની પ્રશંસા-વખાણ-મોટાઈ કે આડંબર કરવા તે

(3) સદ્‌ગુણાચ્છાદન: બીજાના છતા (વિદ્યમાન) ગુણોને ઢાંકવા કે છૂપાવવા તે. બીજાના ગુણોને પ્રકાશમાં લાવવાની જરૂર હોવા છતાં ઈર્ષાથી ન લાવવા.

(4) અસદ્‌ગુણોદ્‌ભાવન: પોતાનામાં જે ગુણો ન હોય તેને ગુણો છે એવો દેખાવ કરવો તે તથા નાના ગુણોને મોટા કરવા તે.

ઉપરના ચાર પ્રકારે નીચગોત્ર કર્મનો આશ્રવ થાય છે; અર્થાત્ આ નીચગોત્ર કર્મ બંધાય છે.

ઉપરના પ્રકારો ઉપરાંત જે આ જાતિ, કુળ, બળ, રૂપ, શ્રુત, ઐશ્વર્ય, લાભ અને તપ એ આઠનો મદ કરવો તથા દીનજનોની મશ્કરી, નિંદા ભક્તિ ન રાખવી, વડીલોનો પરાભવ કરવો વગેરે પણ નીચગોત્ર કર્મના આશ્રવો છે.

તદ્ વિપર્યય: નીચૈ: વૃત્તિ-અનુત્સેકૌ ચ ઉત્તરસ્ય
૬-૨૫

સૂત્રાર્થ: તેનાથી (નીચ ગોત્રના કારણોથી) વિપરીત એટલે કે સ્વનિંદા, પરપ્રશંસા, સદ્ગુણાચ્છાદન, અને અસદ્ગુણોદ્ભાવન તથા નમ્ર સ્વભાવ અને નિરભિમાનતા (અનુત્સેક) એ ઉચ્ચગોત્ર કર્મના આશ્રવો છે.

ભાવાર્થ:

(૧) સ્વનિંદા = પોતાના દોષોને પ્રગટ કરવા

(૨) પરપ્રશંસા = પરના ગુણોને પ્રગટ કરવા

(૩) સદ્ગુણાચ્છાદન = પોતાના વિદ્યમાન ગુણો ઢાંકવા

(૪) અસદ્ગુણોદ્ભાવન = પોતાના દુર્ગુણોને પ્રગટ કરવા. તથા બીજાના મોટા દોષને નાનો કરવો અને બીજાનો નાનો ગુણ મોટો કરવો

(૫) નમ્ર સ્વભાવ (નમ્ર વૃત્તિ) = ગુણીજન પ્રત્યે નમ્રતા અને વિનયપૂર્વક વર્તવું.

(૬) અનુત્સેક અથવા નિરભિમાનતા = વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત થવા છતાં અભિમાન ન કરવું.

આ ઉપરાંત જાતિ વગેરે આઠ પ્રકારના મદ (ગર્વ) ન કરવા. બીજાની મશ્કરી ન કરવી. ધાર્મિકજનની પ્રશંસા કરવી વગેરે પણ ઉચ્ચ ગોત્ર કર્મના આશ્રવો છે.

વિઘ્નકરણમ્ અન્તરાયસ્ય 6-26

સૂત્રાર્થ: વિઘ્ન કરવું તે અંતરાયકર્મનો આશ્રવ છે.

ભાવાર્થ: દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય એ પાંચ પ્રકારના અંતરાય કર્મ છે.

દાન વિઘ્નકરણ (દાનાંતરાય):
દાન દેવામાં વિઘ્ન કે અંતરાય ઊભો કરવો અથવા એવા ઉપાયો કરવા કે જેથી દેનાર દાન આપી ન શકે. એ જ રીતે દાતાને દાન દેતાં રોકવો, દાતાની નિંદા કરવી, દાનના સાધનોનો નાશ કરવો અથવા દાતા અને પાત્રનો સંયોગ ન થવા દેવો એ સર્વે દાનાંતરાયના આશ્રવો છે.

લાભ વિઘ્નકરણ (લાભાંતરાય)
કોઈને લાભ પ્રાપ્તિમાં વિઘ્ન કે અંતરાય ઊભો કરવો અથવા તો એવા ઉપાયો કરવા કે જેથી લાભ લેનાર લાભ લઈ ન શકે. લાભ લેનારને પ્રાપ્તિથી રોકવો. લેનારની નિંદા કરવી. પ્રાપ્તિ થતી હોય ત્યારે તે સાધનોનો નાશ કરવો. ભોગવનારનો અને વસ્તુનો સંયોગ ન થવા દેવો એ સર્વે લાભાંતરાય કર્મના આશ્રવો છે.

ભોગ વિઘ્નકરણ (ભોગાંતરાય)
એક જ વાર ભોગવી શકાય તે શબ્દાદિ વિષયોનો ઉપયોગ તે ભોગ. આ ભોગ ભોગવવામાં જેમ કે ભોજન કરવામાં વિઘ્ન કે અંતરાય ઊભો કરવો અથવા તો એવા ઉપાયો કરવા કે જેથી ભોગ ભોગવનાર તેનો ઉપયોગ ન કરી શકે. એ જ રીતે ભોજન કરનારને ભોજન કરતાં રોકવો, તેની નિંદા કરવી, ભોજનના સાધનોનો નાશ કરવો, ભોજન અને ભોજન કરનારનો સંયોગ ન થવા દેવો એ સર્વે ભોગાંતરાયના આશ્રવો છે.

## ઉપભોગ વિઘ્નકર્તા (ઉપભોગાંતરાય)

અનેક વખત ભોગવી શકાય તેવા સ્ત્રી, વસ્ત્ર, મકાન, ફર્નીચર વગેરેનો ઉપભોગ કરવો.
આ ઉપભોગના વિષયમાં વિઘ્ન કે અંતરાય ઉભો કરવો અથવા એવા ઉપાયો કરવા કે જેથી તે ઉપભોગ ન કરી શકાય. એ જ રીતે ઉપભોગ કરનારનો ઉપભોગ દૂર રાખવો, ઉપભોગ પ્રવૃત્તિની નીંદા કરવી, ઉપભોગની વસ્તુઓનો નાશ કરવો વગેરે ઉપભોગાંતરાયના આશ્રવો છે.

## વીર્ય-વિઘ્નકર્તા (વીર્યાંતરાય)

વીર્ય એટલે આત્મશક્તિ. જીવની આત્મશક્તિ ફોરવવાના વિષયમાં અંતરાય ઉભો કરવો અથવા એવા ઉપાયો કરવા કે જેથી તેનો ઉત્સાહ ઘટી જાય. જેમકે જીવને તપ કરવું હોય તો તેને શરીર સંબંધિ અગવડ બતાવી તપનો ઉત્સાહ ભાંગી નાંખવો. ધાર્મિક કાર્યનો ઉત્સાહ તોડી નાંખવો. એ જ રીતે આત્મશક્તિ જેનાં વ્યક્ત ફોરવે તે તપ-ક્રિયાની નિંદા કરવી. જે વિષયનો ઉત્સાહ છે તે વિષયનો જ નાશ કરવો તે વીર્યાંતરાય કર્મના આશ્રવો છે.